ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૧.૫ ડીગ્રી
ભેજ
સવારે ૨૩ ટકા ● સાંજે ૧૦ ટકા

# શહેરમાં ધુળેટીનું પર્વ ઉલ્લાસપૂર્વક ઉજવાયું

**એકબીજાને રંગે રંગવા અબાલવૃધ્ધ સૌ કોઈ ઘેલાં થયા : યુવાનોએ સ્વર્ણિમ પાર્ક ખાતે રંગોત્સવ મનાવ્યો**
**અનેક સોસાયટીઓમાં સમૂહભોજન યોજાયા : સાંજે બાગ-બગીચા સહેલાણીઓથી ઉભરાયા**





ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરમાં હોળી-ધુળેટીનો તહેવાર પરંપરાગત રીતે હર્ષોલ્લાસથી ઉજવાયો હતો. શહેરીજનોએ રવિવારે હોળીના દિવસે ભારતીય સંસ્કૃતિની પરંપરા મુજબ હોલિકાદહન કર્યું હતું. જયારે સોમવારે ધુળેટીના પર્વની એકબીજાને રંગ લગાડીને ઉજવણી કરી હતી. આ સાથે શહેરમાં અનેક સ્થળે ધુળેટીના પર્વે ખાનગી હોળી ઉત્સવના પણ આયોજનો થયા હતા. ધુળેટીની ઉજવણીમાં શહેરના રાજકારણીઓ તથા અગ્રણી નાગરિકો પણ હર્ષથી જોડાયા હતાં.

સોમવારે શહેરમાં વહેલી સવારથી જ ઘેરૈયાંઓ ધુળેટી રમવા નીકળી પડયા હતા. નગરજનોએ પોતાના આડોશી-પડોશીઓ, મિત્રો, સગાં સંબંધીઓ તથા સ્નેહીજનો સાથે આ પર્વની ઉજવણી કરી હતી. બાળકોએ પણ પિચકારીઓ ભરી એકબીજા પર રંગવર્ષા કરવાનો આનંદ ઉઠાવ્યો હતો. શહેરના યુવાનોએ આ ઉત્સવને મનભરીને ઉજવ્યો હતો અને આખો દિવસ યુવાનો મિત્રોના સમૂહ સાથે એકબીજાને રંગવા માટે આ સ્થળથી પેલા સ્થળે જતા આવતા જોવાયા હતા. કેટલાક યુવાનોના ગ્રુપે ઘ-૪ સર્કલ પાસેના સ્વર્ણિમ પાર્ક ખાતે એકઠાં થઈ ધુળેટીના પર્વની ઉજવણી કરી હતી. શહેરના ઈન્ફોસીટી વિસ્તારમાં નીફટ, એનઆઈડી તથા ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટીટયુટ જેવી કોલેજની આસપાસ પરપ્રાંતિય વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં એકઠાં થઈ ધુળેટી ઉજવી હતી. ધુળેટી રમવામાં ખેલૈયાઓએ પાણીનો પણ છુટથી ઉપયોગ કર્યો હતો.

સાંજના સમયે નગરજનોએ શહેરની રેસ્ટોરન્ટ તથા હોટલો પર ભીડ જમાવી હતી. ધુળેટી રમ્યા બાદ નાહી ધોઈને પરિવાર સહિત બહાર બોજન કરવાનો ટ્રેન્ડ શહેરમાં આ વર્ષે પણ જોવા મળ્યો હતો. જો કે શહેરની અનેક સોસાયટીઓ તથા ગુડા વિસ્તારની સોસાયટીઓમાં સમુહ ભોજનના આયોજન પણ જોવા મળ્યા હતા. આ ઉપરાંત સાંજના સમયે સ્વર્ણિમ પાર્ક સહિત શહેરના તમામ બગીચાઓમાં પણ ભારે ભીડ જોવા મળી હતી.

## સે-૨માં ફુલોથી રમાઈ અનોખી હોળી

સેકટર-૨માં આ વર્ષે ધુળેટીના તહેવારમાં એક નવો જ ચીલો જોવા મળ્યો હતો. ઘણી મહિલાઓ ધુળેટીમાં પાકા રંગથી થતા સ્કીન પ્રોબ્લેમ્સના કારણે હોળી રમવાથી દૂર રહે છે પરંતુ સે-૨માં ફુલની પાંદડીઓ વરસાવીને ધુળેટીની ઉજવણી કરાઈ હતી. જેમાં સેકટરની મહિલાઓ ઉત્સાહભેર જોડાઈ હતી. વોર્ડ નં. ૮ના કોર્પોરેટર પાયલબેન મેણાત દ્વારા આ અભિનવ પ્રયોગ હાથ ધરાયો હતો. જેમાં સે-૨ની મહિલાઓને ઘરે ઘરે જઈ ગુલાબ તથા હજારીગલના ફુલોની પાંદડીઓથી હોળી રમાડવામાં આવી હતી અને તેમના જીવનમાં ફુલની જેમ ખુશીઓ મહેંકતી રહે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે સે-૨ના અગ્રણી મેહુલ સોલંકીએ ખૂજર વહેંચી તમામનું મ્હોં મીઠું કરાવ્યું હતું.



આઈ લવ માય ગાંધીનગર



**અશોકભાઈ એ સોમાણી**
પ્રમુખ, સ્થાનકવાસી જૈન સમાજ અને ટ્રસ્ટી, પાંજરાપોળ-ગૌશાળા, ઉમરાળા

**ગાંધીનગર ગમે**
અઢળક, અનેક પ્રકારનાં વૃક્ષો, નદી, ખીણો, હરિયાળાં, રળિયામણાં ગામડાં, શિક્ષિત સમાજ, સંસ્કારી બાળકો, અસંખ્ય પક્ષીઓનો કલરવ કરતું, કુદરતી વાતાવરણનું નગર ખૂબ ગમે છે.

**નગરજનો**
અનેક પ્રાંત, ભાષા, પહેરવેશ અને અનેક સંસ્કૃતિ; નિવૃત્ત છતાં સતત પ્રવૃત્ત, શિક્ષિત અને સેવાનાં ભેખધારી, અલગારી નગરજનો અહીં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**
સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરતી સંસ્થા સાથે ૨૪ કલાક સેવાને સમર્પિત, વિનામૂલ્યે નિઃસ્વાર્થ સેવા કરતી, આરોગ્યની તમામ સેવા આપતી જુનિયર સિટિઝન્સ કાઉન્સિલ અને તેનાથી સંચાલિત મુક્તિધામથી પ્રભાવિત થઈ સેવા અર્થે જ વતન છોડી અહીં સ્થાયી થયો છું. અમારા સૌરાષ્ટ્ર-કચ્છના હમવતનીઓની સેવા અને સંસ્કારોનું જતન કરતાં કાર્યોને લાખ-લાખ વંદન છે.

**નગરને બહેતર બનાવવા**
રખડતાં ઢોર, ગમે ત્યાં ઝૂંપડાં દૂર કરવાં, વધુ સારી સફાઈ, પર્યાવરણના જતન અને મુક્તિધામના વિકાસ માટે નગરજનો અને મનપા વધુ સક્રિય બને તેવી પ્રભુને પ્રાર્થના.

**નગર માટે હું કરી શકું**
આ નગરને મારું નિવૃત્ત જીવન સમર્પિત છે.



તાજેતરમાં સરગાસણ ખાતેની માનવસ્મૃતિ સંસ્થાના ૨૬ માનસિક વિશિષ્ટ બાળકોનું ગાંધીનગરની સી.એમ. પટેલ કોલેજ ઓફ ફિઝિયોથેરેપીના કર્મચારીઓ દ્વારા ચેકઅપ કરવામાં આવ્યું હતું. આ સદકાર્યમાં કોલેજના સ્ટાફ ડૉ. નિકિતા પટેલ તથા ડૉ. સૃષ્ટિ શર્મા સહિત વિદ્યાર્થીઓ જોડાયા હતા. કાર્યક્રમમાં સંસ્થાના દિવ્યાંગ બાળકોનું ચેકઅપ કરી જરૂરિયાત મુજબ ફિઝિયોથેરેપી સારવાર તથા માર્ગદર્શન પણ પુરું પાડવામાં આવ્યું હતું. આ પ્રસંગે માનવ સ્મૃતિ સંસ્થાના સંચાલક ભાવેશ પટેલે ફિઝિયોથેરેપી કોલેજની ટીમનો આભાર માન્યો હતો.

## પેથાપુરમાં પંખે દોરી બાંધી યુવાનો જીવન ટુંકાવ્યું

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેર નજીક આવેલા પેથાપુર ગામમાં સ્થિત સોસાયટીમાં રહેતા એક યુવાને પોતાના ઘરે માતા-પિતા બહાર ગામ ગયા હોય તેવા સમયે કોઈ અગમ્ય કારણોસર ઘરમાં પંખે દોરીથી લટકી પોતાની જીવનલીલા સંકેલી લીધી હતી. ઉચ્ચ અભ્યાસ કરતા યુવાને અચાનક આ પગલું ભરતા માતા-પિતા ઘેરા શોકમાં ગરકાવ થઈ ગયા હતા. જયારે સોસાયટી તેમજ ગામના મિત્ર-વર્તુળમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી. બનાવ અંગે પેથાપુર પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગાંધીનગર નજીક આવેલા પેથાપુર ગામની સીમમાં આવેલ જલારામ સોસાયટી પ્લોટ નં-૫-એ, પિયુષકુમાર અંબાલાલ પટેલ પોતાના પરિવાર સાથે રહે છે. પિયુષકુમાર તેમના પરિવાર સાથે ખેડા કામ અર્થે ગયા હતા ત્યારે તેમના ઘરે તેમનો ૨૦ વર્ષિય પુત્ર પાર્થ એકલો હતો. ગાંધીનગર-માણસા માર્ગ પર આવેલ બાપુ નોલેજ વિલેજમાં પાર્થ એન્જીનિયરીંગનો અભ્યાસ કરતો હતો. ઘરે કોઈના હોવાથી પાર્થે એકલતાનો લાભ કોઈ અગમ્ય કારણોસર રૂમમાં પંખાના હુક સાથે દોરી બાંધી તા.૧૨ના રોજ પોણા નવ વાગ્યાના અરસામાં ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવી દીધુ હતું. પેથાપુર ગામમાં આશાસ્પદ યુવાને જીવન ટુંકાવતા ઘેરા શોકની કાલીમાં પ્રસરી ગઈ હતી. પોતાના વ્હાલસોયાને ગુમાવતા માતા-પિતાના રૂદનથી સૌ કોઈની આંખો ભીની બની હતી. બનાવ અંગે પેથાપુર પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સે-૭-ડીના ચૌધરી શાળાથી ચ-૩ના વિસ્તારમાં વાયર ફેન્સીંગના કામકાજમાં ગોટાળા

ગાંધીનગર, તા.૧૪

શહેરમાં વનસંરક્ષણ જમીનની સુરક્ષા માટે સિમેન્ટના સ્થંભ સાથે સુંદર વાયર ફેન્સીંગ કરવામાં આવેલ છે જે પ્રશંસનીય છે. પરંતુ સેકટર-૭-ડીમાં મુખ્ય માર્ગ પર એટલે કે ચૌધરી શાળાની સામેથી ચ-૩ સુધી જે સિમેન્ટના સ્થંભ નાંખવામાં આવ્યા છે તે બે સ્થંભ વચ્ચેનું અંતર શહેરના અન્ય વિસ્તાર કરતા બમણું છે. તેથી સ્થંભ નાંખવાની સંખ્યામાં ગોટાળા થયેલ હોય તેમ લાગે છે. અંતર બમણું હોવાના કારણે અનેક સ્થળોએ વાયર તૂટી ગયા છે પરિણામે ઢોર અંદર દાખલ થઈ વાવેલ વૃક્ષોને નુકશાન કરે છે. વૃક્ષો ઉછરતા નથી. વળી બે સ્થંભ વચ્ચે જેટલા વાયર નાંખવા જોઈએ તેના કરતાં એક-બે જેટલા ઓછા વાયર પણ નાંખવામાં આવેલ છે પરિણામે લોકો સહેલાઈથી આવન-જાવન કરી શકે છે. તો ઉપરોકત બંને બાબતોએ પૂરી તટસ્થ તપાસ કરવા સેકટર-૭-ડી ગાંધીનગરના પ્રમુખ જયંતભાઈ ભટ્ટે વનખાતામાં ઉચ્ચ કક્ષાએ રજુઆત કરેલ છે.



વાતાવરણમાં ઠંડક તો છે જ પરંતુ ગરમીનું ધીમું આગમન શરુ થઈ ગયું છે. તાપથી બચવા અને ગરમીથી રાહત મેળવવા બરફનું વેચાણ શરુ થઈ ગયું છે. ૪ રૂ. કિલો વેચાણ ભાવથી મળતો બરફ આવનારા દિવસોમાં થોડો મોંઘો થશે તેમ વેપારીઓનું માનવું છે.

## લેકાવાડા-પાલજ પાટિયા પાસે કાર-બાઈક અકસ્માતમાં એકનું મોત

ગાંધીનગર, તા.૧૪

તાલુકાના લેકાવાડા-પાલજ પાટિયા માર્ગ પર પાલજ ખાતે હોળી ઉત્સવમાં જઈ રહેલા ત્રણ મિત્રો મોટર સાયકલ નં. જીજે ૧૮થી ૦૭૮ પર જઈ રહ્યા હતા ત્યારે સામેથી લોગાન કાર નં. જીજે-૫ સી.કે. ૪૯૧૫ના કાર ચાલકે પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી બાઈક સવારને ટકકર મારતાં ત્રણેય ઈસમોને ઈજા પહોંચી હતી. જેમાં બાઈકસવાર જયેશભાઈ ચંદુભાઈ મોથલિયા-પેથાપુર, નરેશભાઈ ઈશ્વરભાઈ નિનામા તથા ઈશ્વરભાઈ બાબુભાઈ જોષીને ઈજા પહોંચી હતી. આ અકસ્માતમાં ઈશ્વરભાઈ જોષીને ગંભીર ઈજા પહોંચતા અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ જતાં સારવાર બાદ તેમનું મૃત્યુ નિપજયું હતું. આ અંગે જયેશભાઈ મોથલિયાએ ચિલોડા પોલિસ સ્ટેશનમાં વાહનચાલક વિરુધ્ધ ફરિયાદ આપતા પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.

## આજે બહુજન સમાજના કાશીરામની જન્મ જયંતિ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૪

બહુજન સમાજના પ્રેરણા સ્ત્રોત કાશીરામ સાહેબની ૮૪મી જન્મજયંતિ તા. ૧૫ માર્ચ બુધવારે રાત્રે ૮.૩૦ કલાકે પુરુષાર્થ સોસાયટી સે-૩-એ, ગાંધીનગર ખાતે ઉજવવામાં આવશે. જેમાં નગરજનોને હાજર રહેવા અનુસૂચિત જાતિ એકતા મંચના સહકન્વીનર કલ્પેશ પરમાર દ્વારા અપીલ કરવામાં આવી છે.

## આજે ડૉ. આંબેડકર હૉલમાં ભજવાશે એક મનોરંજક નાટક ‘ભૂત અદ્‌ભૂત’

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની સહાયથી નિર્મિત નાટક ‘ભૂત અદ્‌ભૂત’ બુધવારે રાત્રે ડૉ. આંબેડકર હૉલ, ગાંધીનગર ખાતે ભજવાઈ રહ્યું છે.

પ્રવીણ સોલંકી લિખિત અને નિશિથ બ્રહ્મભટ્ટ દિગ્દર્શિત આ મનોરંજક નાટક તા. ૧૫ માર્ચના રોજ રાત્રે ૮ કલાકે ડૉ. આંબેડકર હૉલ ખાતે ભજવાશે. નિશિથ બ્રહ્મભટ્ટ ઉપરાંત ભૂમિકા પટેલ, અલીશા પ્રજાપતિ, દિશા મહેતા, ગૌરાંગ (જેડી) અને મેહુલ મૌર્ય આ નાટકમાં અભિનયનાં અજવાળાં પાથરી રહ્યાં છે.

આ નાટક નિહાળવા માટે કોઈ પણ પ્રકારની ફી રાખવામાં આવી નથી. નાટ્યરસિક નગરજનોને આ નાટક નિહાળવા માટે નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## શહેરમાં ૨૭મીએ ટેલીફોન અદાલત

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેર અને ગ્રામીણ જનતાને માટે બી.એસ.એન.એલ. દ્વારા ટેલીફોન અદાલતનું આયોજન તા. ૨૭મી માર્ચના રોજ ટેલિફોન એકસચેન્જ સેકટર-૧૧ સભારૂમમાં બપોરે ૧૨.૦૦ કલાકે કરવામાં આવ્યું છે. તો ૨૪મી માર્ચ સુધીમાં સબ ડીવીઝન એન્જિનિયરને પ્રશ્નો ઈમેલ sdetgnr@gmail.com ઉપર અથવા ફોન નંબર ૦૭૯-૨૩૨૨૭૦૦૦ અથવા ૦૭૯-૨૩૨૨૨૪૦૮ પર મોકલી આપવા વિનંતી છે.

# લેખક તરીકે દુઃખ ઓછુ કરવાની એક માત્ર રીત એટલે ‘લખવું’

**ડાયસ્પોરિક સર્જક ડો.રાહુલ શુકલ સાથે ગોષ્ઠિ યોજાઈ : ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ.ના પૂર્વ કુલપતિ ડો. બળવંત જાની ઉપરાંત શહેરના સાહિત્યકારો ઉપસ્થિત રહ્યા**

ગાંધીનગર, તા.૧૪

‘આ પુસ્તક લખતી વખતે મારા સ્વર્ગસ્થ પિતા તેને વાંચશે તેવી શ્રધ્ધા હતી, તેથી મારે તેમાં સંપૂર્ણપણે પ્રામાણિક રહેવું જરુરી હતું. પિતાના વિયોગનું દુઃખ ઘણું હતું અને એક લેખક તરીકે દુઃખ ઓછું કરવાની મને એક જ દવા ખબર હતી અને તે છે લખવું.’ ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ગાંધીનગર સાહિત્ય સભાના સહયોગથી તા. ૧૨મી માર્ચ રવિવારે ગાંધીનગરના સે-૧૭માં સ્ટાફ ટ્રેનિંગ કોલેજના ઓડિટોરિયમ ખાતે યોજવામાં આવેલ કાર્યક્રમ ‘સર્જક સાથે ગોષ્ઠિ’માં ડાયસ્પોરિક સર્જક રાહુલ શુકલએ તેમના પુસ્તક ‘વિયોગ’ અંગે વાત કરતા ઉપરોકત હૃદયસ્પર્શી ઉચ્ચારણો કર્યા હતા.

આ પ્રસંગે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાએ ડાયસ્પોરિક સર્જક રાહુલ શુકલ તથા તેમના પિતા ભાનુભાઈ શુકલની જોડીને ‘કોઈ અન્ય વિશ્વની શોધમાં નીકળી હોય તેવી જોડી’ કહી હતી. તેમણે કહ્યું હતું કે ‘પિતા-પુત્રનો સંબંધ સુક્ષ્મ હોય છે.’ આ સાથે તેમણે ઈતિહાસના પરિપ્રેક્ષ્ય સાથે સેતુ બાંધતા જણાવ્યું હતું કે ‘એક રામ જયારે ઘર છોડે છે ત્યારે એક રાવણનું મૃત્યુ નિશ્ચિત હોય છે અને એક રાહુલ જયારે ઘર છોડે છે ત્યારે એક નવા સત્યની શોધ થાય છે.’ પ્રકૃતિને ગાંધીનગરની પ્રાણદાત્રી કહેવા સાથે આ શહેરમાં એક તરફ જયાં ફાઈલ લખાય છે ત્યાં બીજી તરફ અમે ‘લાઈફ’ લખીએ છીએ તેવી માર્મિક ટકોર સાથે આ શહેરમાં દર સપ્તાહે એક પુસ્તક લખાય છે તેવો ગર્વ વ્યકત કર્યો હતો. આ કાર્યક્રમના પ્રારંભે ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિએ સ્વાગત પ્રવચન કર્યુંહતું. ત્યારબાદ વિખ્યાત લોકસાહિત્યકાર તથા હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડૉ. બલવંત જાનીએ સર્જકનો પરિચય આપતા કહ્યું હતું કે, ‘વર્ણનકલાના ૧૦૦ તરીકા હોય છે પરંતુ રાહુલ શુકલ પાસે ૧૦૮ છે.’ આ કાર્યક્રમ નથી પરંતુ સમયની સાંસ્કૃતિક ઘટના છે તેવું કહેતા તેમણે ડાયસ્પોરિક સર્જક રાહુલ શુકલને ‘સોળ વલ્લું સોનું’ કહ્યા હતા. ‘વિયોગ’ પુસ્તકને રાહુલ શુકલએ લખેલો પિતાના મૃત્યુનો અહેવાલ ગણાવતા ડૉ. જાનીએ સર્જકના પિતા સાથેના સંબંધના કેટલાક યાદગાર પ્રસંગો પણ વર્ણવ્યા હતાં.





અત્રે ઉલ્લેખનીય છે કે ડાયસ્પોરિક લિટરેચર એટલે નવવસાહતી સમુદાય દ્વારા સર્જન થયેલું સાહિત્ય. ડૉ. રાહુલ શુકલએ ડાયસ્પોરિક સર્જનમાં અનેરું યોગદાન આપ્યું છે. માત્ર ૧૮ વર્ષની ઉંમરથી વાર્તાલેખનનો પ્રારંભ કરનાર ડૉ. રાહુલ શુકલ ‘સમય’ સાપ્તાહિકના તંત્રી સ્વ ભાનુભાઈ શુકલના પુત્ર છે. અને તેમણે ‘વિયોગ’ પુસ્તકમાં માતા-પિતાના વિયોગની વેદના વર્ણવી છે. આ કાર્યક્રમનું રસપ્રદ સંચાલન પ્રેસ અકાદમીના સચિવ પુલક ત્રિવેદીએ કર્યું હતું. કાર્યક્રમમાં વરિષ્ઠ સર્જક દોલત ભટ્ટ ઉપરાંત સાહિત્ય સભાના ઉપપ્રમુખ નટવર હેડાઉ, મંત્રી સંજય થોરાત સહિત ગાંધીનગરના અનેક ખ્યાતનામ સાહિત્યકારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે ડૉ. રાહુલ શુકલએ તમામને ‘વિયોગ’ પુસ્તકની ભેટ અર્પણ કરી હતી.

## શહેર જાગૃત નાગરિક પરિષદ ધો-૧૦ તથા ૧૨ના વિદ્યાર્થી મિત્રોને હાર્દિક શુભેચ્છા પાઠવે છે

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા ધો-૧૦ તથા ૧૨ના વિદ્યાર્થી મિત્રોને પરીક્ષા માટે હાર્દિક શુભેચ્છા પાઠવવામાં આવી છે. સાથે સાથે તેમણે વિદ્યાર્થીઓને અમુક સુચનો પણ કર્યા છે.

જેમ કે પરીક્ષા કેન્દ્રની એક દિવસ પહેલાં મુલાકાત લેવી, પરીક્ષા આપવા જાઓ તે પહેલા વડિલોના આર્શીવાદ અચુક લેવા, વાહન શાંત ચિત્તે તથા ધીરેથી ચલાવવું, પેન, પેન્સિલ, રબર, સ્કેલ અને ખાસ તો પરીક્ષાની રીસીપ્ટ સાથે લઈ જતા પહેલાં ચકાસી લેવા, મગજ તથા શારીરિક સ્થિતિ શાંત રાખવી, પરીક્ષા સમયે કોપી કરવાનું ટાળવું, સહેલા પ્રશ્નોના જવાબ પ્રથમ લખવા ત્યારબાદ અઘરાં પ્રશ્નોના જવાબ લખવા વગેરે. આટલું ધ્યાન રાખવાથી ઝળહળતી સફળતા મળશે જ તેમ સંસ્થાના મહામંત્રી નિરંજન ઓઝા દ્વારા જણાવાયું છે.

## વાતવાતમાં

● હોળી-ધુળેટીની રજાઓ બાદ પ્રારંભ થયેલ વિધાનસભામાં મુલાકાતીઓની સંખ્યા વિશેષ પ્રમાણમાં જોવા મળી હતી. આ મુલાકાતીઓમાં મહિલાઓની સંખ્યા વધુ હતી જે ઉડીને આંખે વળગે તેવી હતી.

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આઉટ સોર્સિંગના કર્મચારીઓના પગાર થયા નથી. પગાર ના થતા આઉટ સોર્સિંગ કર્મચારીઓએ પંચાયતના પદાધિકારીઓને મળી રજૂઆત કરી હતી.

● શહેરમાં પહેલીવાર ધુળેટીનો તહેવાર સ્મશાનમાં પણ ઉજવાયો હતો. સે-૩૦ના મુકિતધામ ખાતેના રમણીય ગાર્ડનમાં કેટલાક ઘેરૈયાઓના ટોળાએ ધુળેટીની મનભરીને મોજ માણી હતી.

● શહેરમાં બુધવારથી ધો-૧૦ અને ધો-૧૨ની બોર્ડની પરીક્ષાઓનો પ્રારંભ થઈ રહ્યો છે. મંગળવારે પરીક્ષાર્થીઓએ તેમના વાલીઓ સહિત પરીક્ષા કેન્દ્ર પર નંબર ચકાસણી માટે ભીડ જમાવી હતી.

● બોર્ડની પરીક્ષાના પરીક્ષાર્થીઓને શુભેચ્છા પાઠવવા સ્નેહીજનોની કતાર લાગતી જોવા મળી રહી છે. સ્નેહીજનો આ પ્રસંગે પરીક્ષાર્થીઓને શુભેચ્છા રૂપે બોલપેન, રક્ષા પોટલી જેવી ભેટ ઉપરાંત સાકર, પતાસા કે ચોકલેટસ દ્વારા પરીક્ષાર્થીઓનું મ્હોં મીઠું કરાવી રહ્યા છે.

● ગાંધીનગરના ઉત્તર વિધાનસભા બેઠકના ધારાસભ્ય અશોક પટેલે જિલ્લા પંચાયતની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેઓ ખાસ્સીવાર પંચાયત ખાતે રોકાતા કર્મચારીઓ સહિત અન્ય મુલાકાતીઓમાં પણ કાનાફૂસી થવા પામી હતી.

## ચિરવિદાય

- સ્વ. ઈશ્વરભાઈ બાબુભાઈ જોશી, ઉ.વ. ૩૮
- સ્વ. જોઈતાજી બેચરજી ખાંટ, ઉ.વ. ૬૩
- સ્વ. દેવુબા પૃથ્વીસિંહ વાઘેલા, ઉ.વ. ૮૭
- સ્વ. પૂંજીબેન પ્રહલાદજી ઠાકોર, ઉ.વ. ૬૩
- સ્વ. બબીબેન ગનાજી ઠાકોર, ઉ.વ. ૭૪
- સ્વ. પાર્થ પીયુષકુમાર પટેલ, ઉ.વ. ૨૦
- સ્વ. શનાજી માધાજી ઠાકોર, ઉવ. ૭૪
- સ્વ. શાંતાબેન શકરાભાઈ પરમાર, ઉ.વ. ૮૨